
## પુસ્તક પ્રાપ્તિ

વિતેલા માસ દરમ્યાન ગાંધીનગર સમાચારને નીચે મુજબનાં પુસ્તકો પ્રાપ્ત થયાં છે, જેની સાભાર નોંધ લેવામાં આવે છે.




**ભારતરત્ન**
**અટલબિહારી વાજપેયી**
**અજાતશત્રુ રાજપુરુષ**


ભારતરત્ન અટલબિહારી વાજપેયીના જીવન-વ્યક્તિત્વ અંગેનું પુસ્તક.

લેખક : કિશોર મકવાણા

પ્રકાશક : ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ

કિંમત : રૂા. ૩૨૫/-

પ્રાપ્તિ સ્થાન : ગૂર્જર સાહિત્ય ભવન અને ગૂર્જર સાહિત્ય પ્રકાશન, અમદાવાદ




**સાંપ્રતમાં સહકારી પ્રવૃત્તિ**


ભારત અને ગુજરાતની સહકારી પ્રવૃત્તિના વર્તમાન પ્રવાહો, પ્રશ્નો અને પડકારોને આવરી લેતું માહિતીપ્રદ પુસ્તક.

લેખક : જગદીશ મુલાણી

પ્રકાશક : ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ

કિંમત : રૂા. ૨૦૦/-

પ્રાપ્તિ સ્થાન : ગૂર્જર સાહિત્ય ભવન અને ગૂર્જર સાહિત્ય પ્રકાશન, અમદાવાદ




**છોરાંવછોઈ**

નવલકથા.

લેખક : હંસરાજ સાંખલા

પ્રકાશક : હર્ષ પ્રકાશન, અમદાવાદ.

કિંમત : રૂા. ૨૨૫/-

પ્રાપ્તિ સ્થાન : ગૂર્જર સાહિત્ય ભવન અને ગૂર્જર સાહિત્ય પ્રકાશન, અમદાવાદ

**જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.**

**- સંપાદક**

# ‘સંસ્કાર’ના સંગે બાળકો દ્વારા દિપાવલીની અનોખી ઉજવણી



બાળકો અને યુવાઓના ક્ષેત્રમાં કાર્યરત સંસ્થા ‘સંસ્કાર’ દ્વારા દિવાળીના દિવસે ફટાકડા ફોડવાનું ટાળીને વૃક્ષની આસપાસ રંગોળી તથા ફુલોથી સજાવટ કરવામાં આવી હતી અને તેને દીપમાળાની સજાવટ પણ અર્પવામાં આવી હતી. નૂતન વર્ષના દિવસે સૅક્ટર-૭ના બગીચામાં સભ્યો અને બાળકોએ ભેગા થઈને પરસ્પર મીઠું મોં કરાવી શુભકામનાઓ અર્પણ કરી હતી. રાજ્યના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી તથા રાજ્યપાલ ઓ પી કોહલી સાથે પણ શુભેચ્છા મુલાકાત કરી બાળકોએ તેમને જાતે બનાવેલાં શુભેચ્છા કાર્ડ અર્પણ કર્યાં હતાં.

# બ્રહ્માકુમારીઝ કેન્દ્ર ખાતે વિશિષ્ટ કાર્યક્રમ યોજાયો



બ્રહ્માકુમારીઝ, સૅક્ટર-૨૮ કેન્દ્ર ખાતે ભાઈબીજના તહેવાર પ્રસંગે એક અનોખો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. કેન્દ્ર સંચાલિકા કૈલાશદીદીનાં આશીર્વચન સાથે ઉપસ્થિત શ્રદ્ધાળુ ભાઈ-બહેનોને કુમકુમ તિલક કરી શુભેચ્છા કાર્ડ અર્પણ કરવામાં આવ્યાં હતાં. આ પ્રસંગે અમદાવાદથી પધારેલા યોગગુરુ ડૉ. દિલીપ ધોળકિયાએ પોતાની આગવી શૈલીમાં શરીરને યોગ દ્વારા તેમજ બેસવા, ચાલવા અને સૂવાની યોગ્ય પદ્ધતિથી સ્વસ્થ રાખી શકાય તે અંગેની વિસ્તૃત માહિતી પૂરી પાડી હતી.

## ડાયરેક્ટ ❤ સે

ગુલાબની જેમ ખીલવું હોય તો કાંટા સાથે તાલમેલની ટેવ પણ પાડવી પડશે.

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૧**
શિવાય
૧૨.૧૫, ૩.૩૦, ૬.૪૫, ૧૦.૦૦

**સ્ક્રીન-૨**
એ દિલ હૈ મુશ્કિલ
૧૨.૦૦, ૩.૦૦, ૬.૧૫, ૯.૩૦

**સ્ક્રીન-૩**
ડૉક્ટર સ્ટ્રેન્જ (૩ડી-અંગ્રેજી)
૧.૦૦, ૭.૦૦
ડૉક્ટર સ્ટ્રેન્જ (૩ડી-હિન્દી)
૪.૦૦, ૯.૪૫

**સ્ક્રીન-૫**
પાસપૉર્ટ (ગુજરાતી)
૪.૦૦, ૧૦.૦૦
લવારી (ગુજરાતી)
૧.૧૫, ૬.૩૦
શિવાય
સવારે ૧૦.૦૦

# ઑફર કેવી અજબ મળે છે સાવ મફતમાં, પાણી સાથે તરસ મળે છે સાવ મફતમાં

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર શહેરના કવિઓએ સાવ નાનકડી બેઠકમાં એક ગીત-ગઝલ-કાવ્યની મહેફિલ સજાવી હતી. પ્રા. દક્ષા ભાવસારના નિવાસસ્થાને નૂતન વર્ષના સ્વાગત માટે શબ્દોના ઉપાસકોને આમંત્રિત કરવામાં આવ્યાં હતાં.

ગુજરાતના ખ્યાતનામ ગઝલકારોમાં જેમનું નામ આદરપૂર્વક લેવાય છે એ કવિ કિશોર જીકાદરાએ પોતાની આગવી શૈલીમાં અદ્‌ભૂત ગઝલો રજૂ કરી હતી. શિર્ષકની ગઝલ પણ એમણે જ રજૂ કરેલી. ગુજરાત દિપોત્સવી અંકમાં પ્રકાશિત પોતાની ગઝલ પ્રસ્તુત કરીને એમણે મોજ કરાવી દીધી હતી.

કોયલ સાથે કોલય જેવા નથી થવાતું
ક્ષેમકુશળ ટહુકાના પૂછવા નથી જવાતું.

ગાંધીનગરના બીજા કવિ ભરત પાઠક ‘નયન’ દ્વારા પણ ગીત અને ગઝલની મસ્ત રજૂઆત કરવામાં આવી હતી. એમના કાવ્ય સંગ્રહ ‘છેવટે લખવું પડ્યું’ની ગઝલ માણવા જેવી રહી.

આ કલમને છેવટે લખવું પડ્યું
હર વખતની જેમ ટળવળવું પડ્યું

ગાંધીનગર સાહિત્ય સભાના મંત્રી સંજય થોરાતે પણ ‘ક્રમ’, ‘વિચાર શૃંખલા’, ‘નોંધ ડાયરીમાં રાખું છું’ અને સાંપ્રત સમયની સમસ્યા જેવી રચનાઓ રજૂ કરી



હતી. એમનો એક શેર બહુ વખણાયો હતો -

હવે તો આ વર્ચ્યુઅલ દુનિયામાં
સૌ મ્હાલે છે,
એક જીબીની માણસાઈ મહિના
સુધી ચાલે છે !

આ સાથે કોકિલાબેન ભટ્ટ, ધુર્જટી પ્રજાપતિએ રચનાઓ પ્રસ્તુત કરી તો દક્ષા ભાવસારે ગુલઝાર વિશેની હિન્દી રચનાઓ સાદર કરી. આ ઘરગથ્થુ મહેફિલમાં અશોક ત્રિવેદી, રણછોડ પરમાર, રોહા વગેરે ચાહકો ઉપસ્થિત રહ્યાં હતાં. ત્રણ કલાક ચાલેલી આ મહેફિલમાં કેટલીક માતબર રચનાઓ પણ માણવા મળી હતી.

## કચ્છ કાઠિયાવાડ રાજપૂત સેવા સમાજ દ્વારા પીઍસઆઈ-એઍસઆઈ તાલીમ વર્ગ શરૂ કરાશે

ગાંધીનગર, તા. ૮

શ્રી કચ્છ કાઠિયાવાડ રાજપૂત સેવા સમાજ, ગાંધીનગર દ્વારા પીઍસઆઈ/એઍસઆઈ તાલીમ વર્ગ ચાલુ કરવાનું આયોજન છે. આ માટે રજિસ્ટ્રેશન તેમજ ઓરિએન્ટેશન તા. ૧૪ નવેમ્બરથી આરંભ થશે. સમય સવારે ૮થી ૧૧નો રાખવામાં આવ્યો છે. વહેલા તે પહેલાના ધોરણે માત્ર એક જ બૅચ કરવાની હોઈ દરેક રાજપૂત ઉમેદવારને સમયસર પોતાનું રજિસ્ટ્રેશન કરાવી લેવા કાર્યાલય મંત્રી જશવંતસિંહ ગોહિલ દ્વારા એક અખબારી યાદીના માધ્યમથી જણાવવામાં આવ્યું છે.

# ‘સાઈ’ દ્વારા રાષ્ટ્રીય એકતા સપ્તાહ નિમિત્તે રમતોત્સવ યોજાયો






સરદાર વલ્લભભાઈ પટેલની ૧૪૪મી જન્મજયંતિની ઉજવણીના ભાગરૂપે સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા, ગાંધીનગર ખાતે તા. ૩૧ ઑક્ટોબરથી ૬ નવેમ્બર સુધી વિવિધ રમતોનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ભાઈઓની ૧૨ અને બહેનોની ૪ ટીમોએ ભાગ લીધો હતો. સ્કૂલ અને કૉલેજનાં વિદ્યાર્થીઓ પણ આ ટીમોમાં સામેલ હતાં. ભાઈઓના વિભાગમાં અનુક્રમે અશ્વિનભાઈ એ પટેલ કોમર્સ કોલેજ, આરડી-૧૨ ટીમ અને સાઈ હેન્ડબોલ ટીમ વિજેતા બની હતી. બહેનોના વિભાગમાં અનુક્રમે સાઈ હેન્ડબોલ ટીમ, સ્વામી વિવેકાનંદ સ્કૂલ અને સાઈ કબડ્ડી ટીમ વિજેતા બની હતી.

સ્પર્ધાઓના સમાપન પ્રસંગે ઈન્ડિયન કોસ્ટ કાર્ડના આસી. કમાન્ડર ચક્રવર્તીજી અને સાઈના ડે. ડિરેક્ટર વીરસિંહના હસ્તે વિજેતા ખેલાડીઓને મૅડલ એનાયત કરવામાં આવ્યા હતા.

# સ્ત્રીઆર્થ : નવી દૃષ્ટિ, નવી રજૂઆત સાથે ગુજરાતી સાહિત્યમાં પગરણ માંડતી ૩૩ લેખિકાઓની લઘુકથાઓ

જ્યારથી અડધી આલમે કલમથી, પિંછીથી કે કેમેરાથી પોતાની અભિવ્યક્તિ શરૂ કરી છે ત્યારથી સમાજને કંઈક જૂદું-નોખું, આ પૂર્વે નહોતું તેવું પોતીકું કશુંક મળી રહેવાનો અહેસાસ થઈ રહ્યો છે.


તાજેતરમાં પ્રગટ થયેલા લઘુકથાઓના સંગ્રહ ‘સ્ત્રીઆર્થ-૨’માં કુલ ૩૩ લઘુકથાઓની લેખિકાઓએ પોતાની અંગત સંઘર્ષ કથાથી માંડી રસ્તા શોધતી-શોધતી સમાજના સવાલો-સમસ્યાઓને સંવેદનશીલ નજરે જોવાનો વ્યાપ અહીં જોવા મળે છે. આ લઘુકથાઓની એક નોંધપાત્ર તાસીર એ છે કે તેમાં પિતૃસત્તા, પરંપરાગત મૂલ્યો, ઘટનાઓનો સામનો, પ્રતિકાર જરૂર છે પણ તેમાં ક્યાંય પુરુષોનો વિરોધ, પુરુષો પ્રત્યે ઘૃણા, દ્વેષ, નફરત કે ઉપહાસ-મજાક નથી દેખાતાં. પુસ્તકની પ્રસ્તાવના એક પુરુષ`ટલે કે મનીષી જાની દ્વારા લખાઈ છે. કવિતા, વાર્તા અને નાટ્ય લેખનની સર્જનાત્મક પ્રવૃત્તિ સાથે સંકળાયેલા મનીષી જાની ગુજરાતી ટીવીના આરંભ કાળે નારીવાદી અભિગમથી લખાયેલી તેમની મહિલાઓ માટેની ટીવી નાટ્ય શ્રેણીઓ ‘નારી તું નારાયણી’ અને ‘ન્યાય અન્યાય’ માટે જાણીતા છે. સ્ત્રી-પુરુષ ભેદભાવ વિષયક સમજણથી સમાનતાનાં મૂલ્યોને મહત્ત્વનું ગણનારા લેખકો, પુરુષ લેખકો પણ એ પ્રકારે લખે છે તે વાત તો આપણે સ્વીકારવી જ રહી.

લઘુકથા આમ તો એક પડકાર રૂપ લેખન છે. વાર્તા તો કહેવાની પણ એ થોડાક શબ્દોમાં, મર્યાદિત શબ્દોમાં વાચકને ઝકઝોળી નાખવા અને વૈચારિક સ્તરે પ્રશ્નો ઊભા કરવાનું કામ, સેંકડો વર્ષોથી ચાલી આવતાં મૂલ્યો, માન્યતાઓને પડકારવાનું કામ કપરું છે. પણ અહીં સહજ રીતે તાજગીસભર થયું છે.

યુવા લેખિકા દિશા પોપટની વાર્તા ‘ટીક’માં પોતાની ઓળખની વાત સુંદર રીતે મુકાઈ છે. તો ‘પડ’ લઘુકથામાં હેતલ શાહે પ્રીતિના પાત્ર દ્વારા ગૃહિણી પોતાની કિંમત તો સમજે છે તેવી વેદના અહીં મૂકી છે. જ્યારે શશીકલા ધંધુકિયાએ ‘લિ. નમિતાના વંદન’ વાર્તાને ચોટદાર અંત દ્વારા મર્મસ્પર્શી બનાવી છે. ‘એષા’ નામની વાર્તામાં સાસુ-સસરા જ ઉત્સાહપૂર્વક પોતાની વિધવા પુત્રવધૂને પરણાવવા તત્પર છે. પણ ‘આ પાછી મળી’ લઘુકથામાં લેખિકા સ્વાતિ શાહ પોતાના પાત્ર દ્વારા કંઈક નવો રસ્તો શોધવાનો એકડો મંડાવે છે, જે આ વાર્તાની ખૂબી છે. આવી જ ઓળખની શોધમાં વિધવા પ્રૌઢાની વાત શ્વેતા દવે તેમની લઘુકથા ‘વર્ચ્યુઅલ વર્લ્ડ’માં લઈને આવે છે. લેખિકા મહાશ્વેતા જાનીએ પોતાની સાથે જ ઉછેર પામતા તરૂણ દીકરા તરફથી એકાએક ચપટીક આનંદની હેલી આવી ચડે છે તેની વાત નાજુકાઈથી ‘એક ચપટી લાગણી’માં કહી છે. હિના મોદીની લઘુકથા ‘પાંખ વિનાનું પંખી’ અવસર વિત્યા બાદ સ્ત્રી કેવી હાલતમાં મુકાય છે તેની કાવ્યાત્મક અભિવ્યક્તિ બની રહે છે. જ્યારે રેખાબા સરવૈયાએ ‘પ્રાપ્તિ’ નામની વાર્તામાં સામાજિક, કૌટુંબિક બંધનોને લઈ છૂટા પડેલ પ્રેમીઓ ક્યારેય આખી જિંદગીના અંત લગી મળી શકતા નથી એ ઝુરાપો, બધું હોવા છતાં વિશિષ્ટ રીતે સંબંધોની વાત મૂકી છે. તો વળી પતિ-પત્ની વચ્ચેના સંબંધોમાં શોષણ ને અત્યાચારની વાતને એક નવી રીતે ‘ઝંખના’ નામની વાર્તામાં એકતા શાહે મૂકી છે. ‘ધક્કો’ વાર્તામાં એક મા પોતાની દીકરી સાથે સહિયરપણું દાખવે છે તો ‘અસર’ નામની લઘુકથામાં નંદિની મહેતા એક નાનકડી દીકરી કેવી રીતે પોતાની માના સ્વમાનને સાચવવા જાણે કે એકાએક મોટી બહેનપણી બની જાય છે એ વાત મૂકી છે. આધુનિક સોશિયલ મીડિયાથી ખુશીસભર એક પછી એક બારણું ખુલવાની વાત ‘બારી’ નામની વાર્તામાં રૂપાલી શાહે મૂકી છે. પ્રફુલ્લા વહોરાની ‘અંગૂઠો’ લઘુકથા શ્રમજીવી વર્ગની જ વાત કહે છે અને ‘દાભડો’ એ ગ્રામીણ ગરીબ પરિવારની વ્યથા કથા છે. નયના મહેતાની ‘ચાંદરણું’ અભાવગ્રસ્ત ભૂખ્યા બાળકની વાત છે તો ‘બારી બહારનું આકાશ’ ડૉ. અયના ત્રિવેદીની વાર્તામાં બાળ ઉછેરની મર્મભરી વાત વાચકો સામે મુકાઈ છે. ત્યારે ‘ઓળખ’ નામની લઘુકથામાં મોટાં માણસો-નાના માણસોમાં વહેંચાઈ ગયેલી ‘નાનકી’ની પીડા વાર્તાને અંતે હૃદયસ્પર્શી બની રહે છે. આ તો મેં તમને વાત કરી મને ગમતી એવી મહત્ત્વપૂર્ણ લઘુકથાઓની વાત. બીજી લઘુકથાઓ પણ મૌલિક અને સંવેદનપૂર્ણ છે જ.

પુરુષના પુરુષાર્થની જેમ સ્ત્રીની જેમ સ્ત્રીના સ્ત્રીઆર્થને રજૂ કરતી લઘુકથાઓનો આ સંગ્રહ પ્રગટ કરવા માટે બુકપબ અને તેને સંપાદન કરી પ્રસ્તુત કરનાર પ્રતિભા ઠક્કર તેમજ સહ સંપાદન કરનાર નંદિની શાહ અને ઊર્વી અમીન અભિનંદનનાં અધિકારી છે જ.

**- નટવર હેડાઉ**




## વાચકોને આમંત્રણ
## ‘સંવેદના’ વિભાગમાં સ્વાનુભવો લખવા

લેખકો, વાચકોનું પ્રિય અને ગાંધીનગરનું પ્રથમ દૈનિક સમાચારપત્ર ‘ગાંધીનગર સમાચાર’ ખાસ લખવા માગતા વાચકો માટે સંવેદના વિભાગ શરૂ કરી ચૂક્યું છે અને આ માટે લખવા સૌને આમંત્રણ આપે છે. આ વિભાગ અંતર્ગત દર માસે અલગ-અલગ વિષયો આપવામાં આવે છે, જે માટે વાચકોએ લખાણ મોકલવાનું હોય છે. વિભાગ દર સોમવારે પ્રકાશિત કરવામાં આવે છે. કોઈપણ વાચક આ લખાણ મોકલી શકે છે, જે તેના નામ સાથે પ્રકાશિત કરાશે. હા, લખાણની લંબાઈ અને ઍડિટિંગનો અધિકાર અખબાર અબાધિત રાખે છે. વાચકોને વિનંતી છે કે શબ્દોની મર્યાદા ૧૫૦ સુધી રાખવામાં આવે. આ વખતનો વિષય છે :

## ‘મારું મધુરું બાળપણ’